૮/૫

વિભાગ-૧ની નવી બાબત, મહેસુલ સદરે ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં થયેલ બજેટ જોગવાઇમાંથી તાલુકાકક્ષાએ અનુસૂચિત જાતિના યુવાનો માટે વ્યક્તિત્વ વિકાસ અને યોગ તાલીમ શિબીર માટે રૂ. ૨૨૩.૪૩ લાખના ખર્ચની વહીવટી મંજુરી આપવા બાબત.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
આવક નંબર ૪૩૮
તારીખ ૬/૫/૧૭
શાખા યુવક

ગુજરાત સરકાર,
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
ઠરાવ ક્રમાંક: યસપ/૧૦૨૦૧૬/૨૩૭૭/બ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૫/૦૫/૨૦૧૭

**વંચાણે લીધા:-**

(૧) કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ગાંધીનગરનો તા. ૨૮/૦૩/૨૦૧૭ નો પત્ર ક્રમાંક:યસપ/યબઅ/૧૨૭૭/ખ-૫/૧૫૧

ઠરાવ:-

રાજ્યના ૩૩ જિલ્લાઓ અને ૮ મહાનગરપાલિકાઓમાં ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા અનુસુચિત જાતિના યુવક યુવતીઓના વ્યક્તિત્વ વિકાસ તેમજ શારીરીક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ માટે પ્રારંભિક જ્ઞાન આપવા તેમજ તેમાંથી સારા તાલીમાર્થીને પસંદ કરી જિલ્લા કક્ષાએ આવી શિબિરોમાં મોકલવા તૈયાર કરવા સારા તજજ્ઞો અને યોગાચાર્ય દ્વારા તાલીમ આપવાના ઉમદા હેતુથી તાલુકા કક્ષાએ આવી તાલીમ શિબિરોના આયોજન માટે ૨૦૧૭-૧૮ ના બજેટમાં રૂ. ૨૨૩.૪૩ લાખની કરાયેલ જોગવાઇને વહીવટી મંજુરી આપવાની દરખાસ્ત વંચાણે લીધેલ ક્રમ-૧ પરના કમિશનરશ્રી યુવક સેવાના પત્રથી કરવામાં આવેલ છે.

પુખ્ત વિચારણાને અંતે એનેક્ષર-A માં જણાવ્યા પ્રમાણે રૂ. ૬૯૦૦૦/- (અંકે રૂપિયા ઓગણ સિત્તેર હજાર પુરા) નો તાલુકા કક્ષાના ખર્ચના બ્રેકઅપ મુજબ એનેક્ષર-B માં જણાવેલ ૨૫૦ તાલુકા અને ૬૭ ઝોન/વોર્ડ માટે કુલ રૂ. ૨૧૮.૭૩ લાખ અને આયોજન-સંચાલન અને જાહેરાત વગેરે ખર્ચના રૂ. ૪.૭૦ લાખ /- એમ કુલ મળીને રૂ. ૨૨૩.૪૩ લાખના ખર્ચને નીચેની શરતોએ આથી વહિવટી મંજુરી આપવામાં આવે છે.

આ મંજુરી નીચે મુજબની શરતોને આધીન રહેશે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં, બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૩/૦૬/૨૦૧૬ના ઠરાવ તથા ત્યારબાદ વખતો વખતના ઠરાવોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગના તા. ૩૦/૦૭/૨૦૦૪ ની ઠરાવ તથા વખતો વખતના ઠરાવોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ "માંગણી ક્રમાંકઃ ૯૫, મુખ્ય સદરઃ ૨૨૦૪ ખેલકુદ અને યુવક સેવા અને સંસ્કૃતિ, ૧૦૩ વિધ્યાર્થીઓ સિવાયના યુવકો માટે કલ્યાણ કાર્યક્રમો, ૦૧-એસવાયએસ- યુવક કલ્યાણની સંકલીત યોજના વિભાગ-૧ નવી બાબત મહેસુલ સદરે ઉધારવાનો રહેશે અને સન ૨૦૧૭-૧૮ ના બજેટમાં આ અંગે કરાયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખાક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨૪/૦૪/૨૦૧૭ થી તેમજ સચિવશ્રીની તા. ૦૩/૦૫/૨૦૧૭ ની નોંધથી મળેલ સંમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એ.પટેલ)
સેક્શન અધિકારી,
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ

બીડાણ- એનેક્ષર- A
એનેક્ષર- B

પ્રતિ,

- માનનીય રાજ્ય કક્ષા મંત્રીશ્રી (ર.ગ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ની કચેરી ગાંધીનગર.
- નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (રમતગમત), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી ની કચેરી, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ક-શાખા, રાતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારી પસંદગી ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ.